અનુદાનિત માન્ય ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને નિવૃત્તિ સમયની જમા પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૦૪/૭/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ- 1 MAY 2009

**વંચાણમાં લીધા :-**

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૭/૯૯નો ઠરાવ ક્ર-એલવીઇ-૧૦૯૮/૧૪૨૪/૫
(૨) શિક્ષણ વિભાગનો તા.૬/૪/૦૨નો ઠરાવ ક્ર-ખપશ/૧૧૦૨/સીસી/૩૨૪/ચ
(૩) નામ.ગુજ.હાઇકોર્ટ સ્પે.સી.એ.નં.૧૯૮૬૨/૦૭ ઉપરનો તા.૯/૮/૦૭નો ચુકાદો
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૧૭/૧૨/૨૦૦૩નો પત્ર ક્ર-પ્રા.શિ.નિ./ખ-૨/૨.રો./ ૦૩/૫૬૦૦
(૫) પ્રા. શિ. નિયામકશ્રીનો તા.૯/૮/૨૦૦૮ નો પત્ર ક્ર-પ્રા.શિ.નિ./ખ-૨/૨જા રોકડ/૦૮/૧૪૯૬

## પ્ર સ્તા વ ના ::-

રાજયની અનુદાનિત માન્ય ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને તારીખ-૬/૪/૦૨ના ઠરાવથી પેન્શન યોજના અમલમાં મુકવામાં આવેલ છે, પરંતુ તેમાં નિવૃત્તિ સમયની જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હતી. આ બાબતે મળેલ રજૂઆતોને ધ્યાને લઇ વંચાણે લીધેલ ક્રમાંકઃ(૪)ના પત્રથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ દરખાસ્ત કરેલ હતી. વધુમાં આવા શિક્ષકોને નિવૃત્તિ સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર કરવાનો લાભ ન મળતો હોઇ તેનાથી નારાજ થઇ રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ મળવા બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૯૮૬૨/૦૭ દાખલ કરવામાં આવેલ હતી. જેમાં તા.૦૯/૦૮/૦૭ના રોજ આવેલ ચુકાદામાં સમય મર્યાદામાં યોગ્ય તે નિર્ણય કરવા નામદાર કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલ હતો.

## ઠ રા વ ::-

ઉપર આમુખ ક્રમાંક-૧ અને ૨ માં જણાવેલ અનુક્રમે નાણાં વિભાગના તારીખ ૧૬/૭/૯૯ ના ઠરાવથી તથા શિક્ષણ વિભાગના તારીખ ૬/૪/૦૨ ના ઠરાવથી જે પેન્શન યોજનાનો અમલ કરવામાં આવેલ છે. તે અન્વયે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ધ્વારા આમુખ-૪ના પત્રથી અનુદાનિત માન્ય ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને નિવૃત્તિ સમયની જમા રજાઓનું રોકડમાં રુપાંતરનો લાભ આપવા બાબતે જરુરી દરખાસ્ત મોકલેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અનુદાનિત માન્ય ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોને તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનું નિવૃત્તિ સમયે મહત્તમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રુપાંતરનો લાભ અનુદાનિત માન્ય માધ્યમિક શાળાના શિક્ષકોને જે ધોરણે આપવામાં આવે છે તે ધોરણે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) પરના શિક્ષણ વિભાગના તારીખ ૬/૪/૦૨ ના

ઠરાવથી જે પેન્શન યોજનાનો અમલ કરવામાં આવેલ છે અને તે અનુસાર જેઓ પેન્શન મેળવવાપાત્ર છે તેવા તમામ શિક્ષકોને નિવૃત્તિના લાભ તરીકે પેન્શનના સમાન ધોરણે રજાના રોકડનો લાભ મળવાપાત્ર થશે. આ જોગવાઇનો અમલ તા.૧/૧/૧૯૯૭ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. જી. ચૌધરી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./માધ્ય.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહજયક નીરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ